# નવી કોલેજના જોડાણ અંગેનુ અરજીપત્રક

નોંધ :-(૧) આ ફકત અરજીનો નમૂનો છે. આ પ્રમાણે અને તેમાં માંગેલ સંપૂર્ણ માહિતી સાથે અરજીની ૧ ઓરિજિનલ અને ૪ ઝેરોક્ષ નકલો ટાઈપ કરીને મોકલાવી.

(૨) અરજીની સાથે જ પરિપત્રાંક-૧૧ માં જણાવ્યાં મુજબની ફી રકમ ભરવી.

(૩) અધુરી વિગતો વાળી અથવા ફી ની રકમ વીના મળેલી અરજી વિચારવામાં લઈ શકાશે નહી.)

૧. અરજદારનુ નામઃ-

(અરજી કરનાર સંસ્થાનું નામ-પત્ર વ્યવહાર માટેનું સરનામું અને ટેલીફોન નંબર)

૨. (ક) કયા અભ્યાસક્રમો શીખવવા માંગો છો ?
(વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાવાળી કોલેજ પ્રથમ વર્ષમાં કયા મરજિયાત વિષયો શીખવવા માંગે છે તે સ્પષ્ટ દર્શાવવું.)

(ખ) કયા શૈક્ષણિક વર્ષથી અભ્યાસક્રમ માટે જોડાણ ઇચ્છોછો ?

(ગ) પ્રોફેશનલ કોલેજો જેવી કે ઇજનેરી, મેડિકલ, ફાર્મસી, લૉ અને એજયુકેશન કોલેજો માટે જે તે વિદ્યાશાખાની કાઉન્સિલની મંજૂરી માટે મોકલેલ દરખાસ્ત કે માન્યતા/મંજૂરી મેળવ્યાની ટાઈપ કરેલ નકલ સામેલ કરવી.

(ઘ) કઈ કઈ કક્ષાના કેટકટલા વર્ગો ખોલવા ધારો છો ?

કચ્છ યુનિવર્સીટી ધારા કલમ ૭૫ પ્રમાણે જરૂરી માહિતી અમે નીચે પૂરી પાડીએ છીએ:

(ક) કોલેજની જરૂરીયાતઃ
અહીં નીચેની બાબતોનો ઉલ્લેખ કરો:

૧. શહેર કે ગામની વસ્તી
૨. આસપાસ આવેલી શૈક્ષણિક સંસ્થાઓ/ આ જ પ્રકારનું શિક્ષણ આપતી આસ-પાસની કોલેજો
૩. શિક્ષણનો પ્રકાર
૪. કોલેજની જરૂરિયાત માટેનાં કારણો
૫. કેટલા વિદ્યાર્થીઓની અપેક્ષા છે ?
(આ માટે આપના વિસ્તારમાં આવેલ ધો.૧૨નો અભ્યાસક્રમ ધરાવતી શાળાઓના છેલ્લા ત્રણ વર્ષનાં પરિણામો પત્રક સ્વરૂપે રજુ કરશોજી.)
૬. કેવળ વિદ્યાર્થીનીઓની માટે જ છે ?
૭. કોલેજ કયા વિસ્તારમાં શરૂ કરવાની છે ?
૮. તે વિસ્તારની જરૂરિયાત અને તે વિસ્તાર

માટે ચોકકસ જગ્યા મળે તેવી વિગતો સાથે
કોલેજની યોગ્યતાની માહિતી પૂરી પાડવી.
૯. માધ્યમનો પ્રકાર

**(ખ) કોલેજનું સંચાલન કરનાર મંડળ/ટ્રસ્ટ/સોસાયટીની વિગતઃ**

૧. નામ.
૨. શરૂ થયાનું વર્ષ (તારીખ સાથે)
૩. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર
૪. હોદ્દેદારોના નામ અને સરનામાં
૫. મંડળ/ટ્રસ્ટ/સોસાયટીનું બંધારણ
૬. ધાર્મિક કે ભાષાકિય લઘુમતી દ્વારા
સંચાલિત હોય તો તેની વિગત આપશો.

**(ગ) કોલેજની ગવર્નિંગ બોડીના સભ્યોનાં નામઃ**

(અલગ પરિશિષ્ટ તરીકે આપવા વિનંતી છે.)

**(ઘ) અધ્યાપકગણઃ**

યુનિવર્સીટીના ધારાધોરણ અને જોડાણની શરતો
પ્રમાણે અધ્યાપકગણ નિયુકત કરવા કોલેજ તૈયાર
છે તેનો અહીં નિર્દેશ કરો.

**(ચ) મકાનઃ**

કોલેજ જે મકાનમાં શરૂ કરવાની હોય તેની વિગતો
અહીં દર્શાવો.

૧. મકાન તૈયાર છે કે બાંધવાનું છે ?
૨. ભાડાપેટે લેવાનું છે ?
૩. મકાનની જગ્યા નકકી કરી છે ?
૪. તેની માલિકી સંસ્થાની છે ?
(નકશા જો તૈયાર હોય તો સાથે બીડો)
૫. છાત્રાલય અને ગૃહપતિની વ્યવસ્થા કરી છે ?
૬. અન્ય માલિકીના મકાનમાં/શાળામાં કામચલાઉ
બેઠક વ્યવસ્થા ગોઠવવાની હોય તો તેની માલિકી
સંસ્થા /ટ્રસ્ટના ઠરાવની નકલ સામેલ કરશોજી.

**(છ) ગ્રંથાલયઃ**

ગ્રંથાલય માટે જરૂરી જોગવાઈ કરી છે ?અથવા
જરૂરી જોગવાઈ કરવામાં આવશે ?
(જો કરવામાં આવી હોય તો વિગતો આપશો.)

**(જ) પ્રયોગશાળા :**

પ્રયોગશાળાની જોગવાઈ કરી છે? અથવા
જરૂરી જોગવાઈ કરવામાં આવશે ?
(જો કરવામાં આવી હોય તો વિગતો આપશો.)

**(ઝ) આચાર્ય અને આધ્યાપકો રહેઠાણની વ્યાવસ્થા**
**આચાર્ય અને અદ્યાપકો માટે કોલેજ કે છાત્રાલયની**
**નજીક રેઠાણની જોગવાઈ કરવામાં આવશે ?**
(જો કરવામાં આવી હોય તો વિગતો આપશો.)

**(ટ) કોલેજનાં નાણાકિય સાધનો :**

કોલેજનાં કાર્યક્ષમ સંચાલન માટે કોલેજના નાણાંકિય

સાધનોનો ઉલ્લેખ કરો અને તેના પ્રમાણો સામેલ કરો.
(આ અંગે ટ્રસ્ટના નામે બેંકમાં જમા રકમ-ફિકસડ
ડિપોઝિટની રકમ તથા તે ઋણમુકત છે તે અંગે બેંક
અને ઓડિટરનું પ્રમાણપત્ર સામેલ કરવું.)

(૮) ફી:
ફી અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણનું પાલન
કરવામાં આવશે તેનો અહીં નિર્દેશ કરો.
ઉપર દર્શાવ્યા ઉપરાંત કોઈ પ્રકીર્ણ વિગતો આપવાની
હોય તો આપવી.

આથી હું બાંયધરી આપું છું કે -

(૧) કોલેજના વહિવટકર્તાઓ કે અધ્યાપકવર્ગમાં ફેરફાર થશે તે તથા યુનિવર્સિટી તરફથી વખતોવખત જે કાંઈ માહિતી મંગાવવામાં આવે તે હું સત્વરે મોકલી આપીશ.
(૨) યુનિવર્સિટીનાં ધારાધોરણોનું હું યથાર્થ રીતે પરિપાલન કરીશ તથા કરાવીશ.

સ્થળ :- (સહી) :-
તારીખ :- (હોદ્દો) :-

### ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

❖ **યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની માર્ગદર્શિકા અન્વયે નવી કોલેજ/ નવા જોડાણ/ વધારાના વિષય / વર્ગ માટેની અરજી સાથે રજુ કરવાના જરૂરી દસ્તાવેજનું લીસ્ટ.**

૧. જોડાણ ફી અંગેની વિગતો : (પરિપત્ર નં. – ૯૧ મુજબ ચેક / ડીડીની રકમ અને તારીખ )

૨. ટ્રસ્ટ નોંધણીનો દાખલો તથા ટ્રસ્ટ ડીડ (જેમાં ઉચ્ચ શિક્ષણનો હેતુ સ્પષ્ટ હોવો જોઈએ.)

૩. ટ્રસ્ટી મંડળના હોદેદારોની વિગત. (ચાલુ પરિસ્થીતિના હોદેદારોની વિગતો જોડવી.)
ટ્રસ્ટી મંડળના હોદેદારોની શૈક્ષણિક સંસ્થાઓના પચાર– પ્રસાર તથા સંચાલનના અનુભવના સંદર્ભમાં તથા પ્રમોટરોની પૃષ્ઠભૂમિ અને સામાજિક,સખાવતી અને શૈક્ષણિક ક્ષેત્રોમાં તેમની શરૂઆત અને તેમના વિઝન તથા મિશનની પ્રવૃતિઓ.

૪. જે અભ્યાસક્રમ શરૂ કરવાનો હોય તે અંગેના મંડળના ઠરાવની નકલ.

૫. બિલ્ડીગ અંગે સક્ષમ અધિકારીની સહીવાળા કુલ બાંધકામ સાથેના નકશાની પ્રમાણિત નકલ તથા સૂચિત કોલેજ પાસે વહીવટી /શૈક્ષણિક અને અન્ય તમામ ઇમારતો હાલ ની તથા ભવિષ્યમાં યુજીસી/ સ્ટેટયુટરી/ રેગ્યુલેટરી બોડી મુજબ વિસ્તારની જરૂર જણાય તો તેને પંહોચી વળવાની ક્ષમતાવાળું છે તથા તમામ ઇમારતો વિકલાંગોને અનુરૂપ છે તે અંગેની બાંહેધરી જોડવી. (રજાચીઠ્ઠી સાથે)

૬. કોલેજ બિલ્ડીગના કુલ રૂમોની સંખ્યા અને ક્ષેત્રફળની સંપૂર્ણ વિગતો તથા રમત ગમત ના મેદાનની વિગતો.

૭. સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી અને સરકારશ્રીમાંથી આવેલ તમામ જોડાણ જાહેરનામાની નકલ અને જે અભ્યાસક્રમોમાં વૈધાનિક સતામંડળોની મંજૂરી મેળવવાની થતી હોય તે તમામ મંજૂરીઓની નકલ(અભ્યાસક્રમ શરૂ થયેથી તમામ.)

૮. ટ્રસ્ટ સંચાલિત અન્ય શૈક્ષણિક સંસ્થાઓ ચાલતી હોય /બંધ કરેલ હોય તેના વર્ષ સાથેની વિગતો.

૯. અન્ય યુનિવર્સિટી સાથે ટ્રસ્ટ સંકળાયેલ છે કે કેમ? અને જો હા તો તેવા અભ્યાસક્રમ અને યુનિવર્સિટીની વિગતો તથા તે અંગેના (એન.ઓ.સી.) નકલ.

૧૦. જો તે અભ્યાસક્રમ માટે '' એપલેટ ઓથોરીટી'' તો મંજુરી પત્ર તથા રાજય સરકારનું ''ના વાંધા પ્રમાણપત્ર''ની નકલ.

૧૧. યુનિવર્સિટી માન્ય અધ્યાપકોની વિગતો જોડવી(હાલની પરિસ્થિતીની)

૧૨. પુસ્તકો,સામાયિકો, જર્નલ્સની સંખ્યા તથા લીસ્ટ જોડવું તથા બુક બેંકની સુવિધા ઉભી કરવી.

૧૩. લેબોરેટરીના સાધનો તથા સ્ટાફની વિગતો જોડવી.

૧૪. સંસ્થામાં કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા નિર્ધારિત ધોરણોને અનુરૂપ વેન્ટીલેશન, વિજળી, પાણી, ગટર, શૌચાલય વિગેરેની પૂરતી સુવિધાઓ છે તે અંગેની બાંહેધરી તથા ચાલુ નાણાકિય વર્ષના ભરપાઇ કરેલ બિલની નકલ રજૂ કરવી.

૧૫. અધ્યાપકશ્રીઓના વર્કલોડની વિગતો / સમયપત્રક જોડવું.

૧૬. વિદ્યાર્થીઓની ફી ની રસીદો તમામ સેમેસ્ટરની છોકરા છોકરીઓની બન્નેની એક – એક નકલમાં જોડવી.

૧૭. ટ્રસ્ટના છેલ્લા ત્રણવર્ષના ઓડિટ રીપોર્ટની નકલ તથા વર્તમાન નાણાકિય વર્ષનો વિગતવાર અંદાજ (બજેટ)

૧૮. ટ્રસ્ટના છેલ્લા ત્રણ મહિનાની બેલેન્સસીટની નકલો.

૧૯. કોલેજ શરૂ કરતાં પહેલાં મંડળ પાસે રૂ/. ૫,૦૦,૦૦૦/–નું વર્કીંગ ફંડ હોવા અંગેના આધારોની નકલ.

૨૦.કોલેજના કર્મચારીઓના પગાર–ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં રૂપિયા ૨,૦૦,૦૦૦/– લાખ ડિપોઝીટ તરીકે મૂકયાની નકલ.

૨૧.મંડળે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા / વર્ગ દીઠ રૂ/. ૬,૦૦,૦૦૦/–ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડીપોઝીટ મુકયાની નકલ.

૨૨.નવા અભ્યાસક્રમ માટે પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર સંસ્થાએ યુનિવર્સિટીમાં રૂા.૧૨,૦૦,૦૦૦/– લાખની યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મુકેલ ડિપોઝીટની નકલ.

૨૩.ફાયર સેફટીનું પ્રમાણપત્ર

૨૪.સંસ્થામાં દસ વર્ષમાં શૈક્ષણિક સુવિધાઓ તથા વિદ્યાર્થીઓને લગતી સુવિષઓમાં થયેલ ગ્રોથની વિગતો દર્શાવવી જેવી કે, ફેકલ્ટીની ભરતી,જાળવણી અને વિકાસને લગતી નિતીઓની વિગતો આપવી તથા શૌક્ષણિક અને વહીવટી શાસનનું માળખું રજૂ કરવું

(નોંધ – ૧. જે શૈક્ષણિક વર્ષમમાં અભ્યાસક્રમ શરૂ કરવાનો હોય તેના આગલા વર્ષની ૩૧મી ઓગષ્ટ પહેલા જોડાણ અરજીની પાચ નકલો યુનિવર્સિટીમાં કરવાની રહેશે.

૨. ઉપરોકત લીસ્ટ મુજબ જ ક્રમશઃ એનેક્ષર તૈયાર કરી ફાઈલમાં દસ્તાવેજો નાખવા.

Krantiguru Shyamji Krishna Verma ... BHUJ-Kachchh 370 001

## જોડાણ અરજી અંગે સ્થાનિક તપાસ સમિતિઓને સૂચનાઓ

૧. કોલેજના નિભાવ અંગેની સૂચનાઓ.

પ્રત્યેક શિક્ષકોનો પગાર શિડયુલ બેંકમાં તેના ખાતામાં પ્રત્યેક માસની તા. ૭મી સુધીમાં જમા કરવીને યુનિવર્સિટીને તેની જાણ કરવી આવશ્યક રહેશે અને તે માટે જોડાણ માગતી કોલેજોએ જરૂરી બાંયધરી આપવી જોઈશે.

યુીનવર્સિટીના ધારાધોરણોને અનુલક્ષીને જરૂરિયાત પૂરી પાડી શકે અને શૈક્ષણિક દ્રષ્ટિએ કાર્યક્ષમતાથી કામ કરી શકે તેથી વધુ કોલેજ કે કોલેજો એક મકાનમાં બેસી શકશે નહિ.

કોઈ પણ કોલેજોમાં ત્રણ વિદ્યાશાખાઓથી વધુ વિદ્યાશાખાઓમાં અભ્યાસક્રમના શિક્ષણ માટે પરવાનગી આપી શકાશે નહિ.

૨. કોલેજના મકાન અંગે

(ક) પૂરતી સગવડવાળું કોલેજ માટેનું અલાયદું મકાન જોડાણની શરતના ભાગરૂપે તૈયાર હોવું આવશ્યક ગણાશે. (સ્પષ્ટતા—નવી કોલેજો માટે ચાલુ શાળાનું મકાન ઉપયોગમાં લઈ શકાશે નહિ.)

(ખ) જો કોઈ નવી કોલેજ માટે બીજા વર્ષે આગળનું જોડાણ માગતી વખતે વધારાનું જરૂરી બાંધકામ તૈયાર થઈ શકયું ન હોય તો તે વધારાના બાંધકામના અંદાજી ખર્ચની ૫૦ ટકા જેટલી રકમ, જે એકિઝકયુટિવ કાઉન્સિલ ઠરાવશે તે, કોલેજના સંચાલક મંડળે યુનિવર્સિટી પાસે અનામત મૂકવી જોઈશે અને તે અનામત રકમ કોલેજના મકાનનું બાંધકામ જેમ જેમ આગળ થતું જશે તેમ તેમ પાછી આપવામાં આવશે.

(ગ) પ્રત્યેક નવી જોડાણની શરત તરીકે યુનિવર્સિટી નિયત કરે તેટલી રકમ યુનિવર્સિટી પાસે અનામત મુકવી આવશ્યક રહેશે અને તે અનામત નિયત વર્ષો બાદ પરત કરવામાં આવશે.

૩. રમત—ગમતના મેદાન અંગે :

પ્રત્યેક કોલેજને માટે (હાલની ચાલુ કોલેજો તેમજ ભાવી જોડાણ માટે માંગણી કરતી કોલેજોને માટે) ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમત—ગમતના મેદાનની જોગવાઈ કરવી આવશ્યક ગણાશે તથા તે પૈકી કોલેજના મુખ્ય મકાનથી બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે.

(નોંધ— સદરહુ સૂચનાને કારણે એક જ મકાનમાં એકથી વધુ કોલેજો કામ કરતી હોય તેવા કેસોમાં ઉપર જણાવ્યા મુજબની ખુલ્લી જગ્યા અનુકૂળ સમયે જુદા જુદા વખતે વાપરી શકાય તેમ હોય તો કોલેજોએ તે જગ્યા અલગ અલગ રાખવી આવશ્યક જણાશે નહિ.)

૪. જરૂરિયાત

જે સ્થળે જે વિદ્યાશાખાની કોલેજ શરૂ કરવાની અરજી આવી હોય તે વિસ્તારની ચાલુ કોલેજ, તેમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા અને તે વિસ્તારમાં આવેલી માધ્યમિક શાળાઓમાં તથા એ વિસ્તારમાંથી એસ.એસ.સી.માં બેસતા વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે વિચારી જરૂરીયાત અંગે સ્થાનિક તપાસસમિતિ રિપોર્ટ કરશે.એક લાખ કે તેથી વધુ વસ્તીવાળા શહેરો સિવાયના વિસ્તારમાં સામાન્ય રીતે પાંચ માઈલના વિસ્તારમાં આવેલ સંસ્થાઓને ધ્યાનમાં લેવી અને શહેરો માટે સમગ્ર અને તેના પરા—વિસ્તારો સહિત ધ્યાનમાં રાખવા.

સામાન્ય રીતે શહેરી વિસ્તારમાં આવેલી ચાલુ કોલેજોમાં એક વિદ્યાશાખાવાળી કોલેજમાં લગભગ ૪૦૦ અને બે વિદ્યાશાખાવાળી કોલેજમાં લગભગ ૬૫૦ વિદ્યાર્થીઓ ન હોય તે લત્તા (Locality) માં નવી કોલેજની આવશ્યકતાઓ સ્વીકારવી નહિ. એ જ પ્રમાણે શહેર સિવાયના વિસ્તારમાં ચાલુ કોલેજો પૈકી એક વિદ્યાશાખાવાળી કોલેજોમાં લગભગ ૨૦૦ અને બે વિદ્યાશાખાઓવાળી કોલેજમાં લગભગ ૩૫૦ વિદ્યાર્થીઓ ન હોય ત્યાં નવી કોલેજનીઆવશ્યકતા સ્વીકારવી નહિ. જો ઉપર જણાવેલી સંખ્યાની બાબતમાં અપવાદ કરવાનું સમિતિને જરૂરી લાગે તો તેનાં કારણો વિગતે આપવાના રહેશે.

વિશિષ્ટ શિક્ષણ સંસ્થાને ઉપરના નિયમો લાગુ પડશે નહિ.

સમિતિએ નવી કોલેજના સ્થળોની યોગ્યતા અંગે પણ વિચાર કરવાનો રહેશે.

૫. પ્રકીર્ણ

(૧)અરજી કરનાર સંસ્થા માન્ય થયેલી એટલે કે રજિસ્ટાર થયેલી હોવી જોઈશે અને એનું બંધારણ તથા વહિવટી નિયમો વગેરે ચોકકસ ઘડી કાઢેલા હોવા જોઈએ. રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ અરજી સાથે રજુ કરવાનું રહેશે.

(૨) એ માન્ય સંસ્થા પાસે પોતાનું ફંડ હોવું જરૂરી છે. એ માટે શરતના પરિપાલનનો હેવાલ મોકલતી વખતે સદરહુ સંસ્થા પાસે એક વિદ્યાશાખા ધરાવતી કોલેજ માટે રૂા. ૮ લાખ અને બે વિદ્યાશાખા ધરાવતી કોલેજ માટે રૂા. દસ લાખ જેટલી રકમ રોકડમાં કે તેટલી રકમની અસ્કયામત તેની પાસે છે અને તે ઋણમુકત છે, તે મતલબનું શ્રી ચેરીટી કમિશ્નરનું પ્રમાણપત્ર સદરહુ સંસ્થાએ મોકલવું આવશ્યક રહેશે.

(૩) શરૂ થતી કોલેજ માટે પુસ્તકાલય, સાધનસામગ્રી, ફર્નિચર વગેરે માટે જોઈતા નાંણા મેળવવાની અને એ ઉપરાંત વિજ્ઞાન વિદ્યાશાખા માટે લેબોરેટરી અંગેની સાધનસામગ્રી માટે ક્ષમતા સંસ્થાએ ધરાવવી જોઈશે. સમિતિએ એ અંગેનો હેવાલ વિગતે આપવાનો રહેશે.

(૪) પ્રત્યેક કોલેજના મકાનમાં ઓછામાં ઓછા નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીના પ્રચલિત ધારાધોરણો પ્રમાણે જરૂરી રહેશે.

(ક) વિદ્યાર્થીદીઠ આઠ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દષ્ટિએ યોગ્ય અભ્યાસ ખંડો.

(ખ) વર્ગખંડો અને ટયુટોરિયલ માટેના જરૂરી ખંડો.

(ગ) શિક્ષકો માટેનો ખંડ

(ઘ) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કોલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે એવો.)

(ડ) વિદ્યાર્થીનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થીનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૈચાલય વગેરે સુવિધા સહિતનો.)

(ચ) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકી સાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થીદીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો, સુસજજ વાંચનખંડ કે વાંચનખંડો સહિત ગ્રંથાલય.

(છ) પ્રત્યેક કોલેજદીઠ આચાર્ય માટેનો અલાયદો ખંડ

(જ) પીવાના પાણી માટેનો ખંડ

(ઝ) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

૭. કોલેજ ચલાવનાર સંસ્થાએ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર કોલેજના મકાનની નજીક આચાર્ય માટે ભાડામુકત નિવાસસ્થાનની તેમ જ છાત્રાલય પર દેખરેખ રાખનાર શિક્ષક માટે છાત્રાલયના વિસ્તારમાં શકય એટલું નજીક ભાડામુકત નિવાસસ્થાનની ઘટતી જોગવાઈ કરવાની આવશ્યકતા ગણાશે.

૮. સંસ્થાએ પ્રત્યેક કોલેજદીઠ ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે એવા છાત્રાલયની જોગવાઈ કરવી પડશે. સામાન્ય રીતે એક છાત્રવાળી ઓરડીનું માપ ૮૫ થી ૯૦ ચોરસ ફૂટ, બે છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૧૬૦ ચોરસ ફૂટ અને ત્રણ છાત્રોવાળી ઓરડીનું માપ ઓછામાં ઓછું ૨૮૦ ચોરસ ફૂટ જેટલા ક્ષેત્રફળવાળું આવશ્યક ગણાશે.

૯. જોડાણના જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે કોલેજમાં શીખવવામાં આવતા અભ્યાસક્રમોના શિક્ષણ માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ સુસજજ ગ્રંથાલય અને યુનિવીર્સટીએ નકકી કરેલ ધોરણો મુજબની પ્રયોગશાળાઓ આવશ્યક ગણાશે.

૧૦. શિક્ષકોની નિમણૂંક માટે યુનિવર્સિટીએ નકકી કરેલ લાયકાતના ધોરણોએ શિક્ષકની નિમણૂંક કરવી આવશ્યક રહેશે તથા કોઈ પણ શિક્ષકનો કાર્યબોજ નિયત કરતાં વધારે હોવો જોઈશે નહિ.

૧૧. (૧) તા. ૧૫મી મે સુધીમાં એકિઝકયુટીવ કાઉન્સિલે મૂકેલી બધી શરતોનું પાલન કર્યાનો હેવાલ સંસ્થાએ યુનિવર્સિટીના કુલસચિવને મોકલવાનો રહેશે.

(૨) તા. ૧૫ મીમે પહેલાં યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકગણની નિમણૂંકો પૂરેપૂરી થયેલી હોય તે અનિવાર્ય લેખાશે. નીમવામાં આવેલ પ્રત્યેક નિમણૂંક અને સ્વીકૃતિપત્રની નકલ યુનિવર્સિટીને મોલકવાની રહેશે.

૧૨. જોડાણ અંગે જે શરતો મૂકવામાં આવે તેનું સંપૂર્ણ પરિપાલન પ્રત્યેક વર્ષની તા. ૧૫ મ્રી મે પહેલાં કરવાનું રહેશે.

૧૩. પ્રથમવાર જોડાણ માંગતી કોલેજોને જોડાણની શરતોનું સંતોષકારક પરિપાલન થયેથી ફકત એક વર્ષના સમય માટે જોડાણ મળી શકશે. ત્યાર બાદ બીજા વર્ષથી તે રીન્યુ કરાવવાનું રહેશે.

૧૪. સ્થાનિક તપાસસમિતિએ ઉપરના તમામ મુદ્દાઓ અંગે ઉંડી તપાસ કરીને ઘટતી ખાતરી કરવી જોઈશે તથા તે અંગે પોતાનો વિગતવાર રિપોર્ટ યીનવર્સિટી કાર્યાલયને મોકલવો જોઈશે અને જોડાણ આપવા માટે કોઈ શરતો મૂકવાની હોય તો સ્પષ્ટપણે દર્શાવવી જોઈશે.

૧૫. ઉપરના નિયમો સ્થાનિક તપાસસમિતિની જાણકારી અને માર્ગદર્શન માટે છે. એ નિયમમાં અપવાદ કરવાની સ્થાનિક તપાસસમિતિને એકંદરે પરિસિથતિ જોતાં જરૂર લાગે તો, તેમ કરવા માટેનાં વાજબી કારણો શા છે તે પોતાના હેવાલમાં સ્પષ્ટ જણાવીને તેવી ભલામણ કરી શકશે. જે ઉપરથી યીનવર્સિટીનાં અધિકૃત મંડળો વિચાર કરીને પોતાનો નિર્ણય લઈ શકે.

૧૬. સંલગ્ન કોલેજોમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સેવાઓની શરતોનું યર્થાથ પરિપાલન થાય છે કે કેમ તે અંગે જરૂરી તપાસ કરીને તે બાબતની માહિતીનો પણ પોતાના હેવાલમાં સમાવેશ કરવાનો રહેશે.

૧૭. યુનિવર્સિટી કોર્ટમાં પુછાયેલા પ્રશ્નોની માહિતિ સમયસર યુનિવર્સિટીને ન મોકલવામાં આવી હોય ત્યાં તેવી માહિતિ ન મોકલવા માટેનાં કોલેજનાં લેખિત કારણો મેળવવાં અને તેના ઉલ્લેખ તપાસસમિતિના હેવાલમાં કરવાનો રાખવો.

૧૮. નીચે દર્શાવેલ વિદ્યાશાખાની કોલેજો શરૂ કરવા માટે સંસ્થાએ–

(૧) ફાર્મસી/ ઈજનેરી માટે AICTE, New Delhi

(૨) શિક્ષણ માટે NCTE "

(૩) કાયદાશાસ્ત્ર માટે BCI "

(૪) મેડિકલ માટે MCI "

(૫) ડેન્ટલ માટે DCI ની મંજુરી મેળવી છે કે કેમ તેના પણ હેવાલમાં ઉલ્લેખ કરવો.

Shyamji Krishna Verma ... BHUJ-Kachchh 370 001